દાખલ તા. ૨૮/૧૧/૨૦૨૪.
રજી.તા. ૨૮/૧૧/૨૦૨૪.
ફેસલ તા. ૦૮/૦૫/૨૦૨૬.
સમય વર્ષ માસ દિવસ
૦૧ ૦૫ ૧૦
આંક-

**દયાપરના પ્રિન્સિપાલ.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,દયાપર-કચ્છ.**

રે.દી.મુ.નં.૫૭/૨૦૨૪.

(૧).શંકર ઉકા રબારી
ઉ.વ.૪૬, ધંધો-પશુપાલન,
રહે.હરુડી, તા.લખપત-કચ્છ. // **વાદી**

**વિરુદ્ધ**

(૧). નાયબ ઈજનેરશ્રી,
પી.જી.વી.સી.એલ,
સબ ડીવીઝન કચેરી,
દયાપર,તા.લખપત-કચ્છ. // **પ્રતિવાદી**

વાદી તર્ફે એડવોકેટ-વિ.વ.શ્રી.એસ.વી.ગઢવી.
પ્રતિવાદી તર્ફે એડવોકેટ-વિ.વ.શ્રી.આર.જી.જયપાલ.

---

` **દાવો:- વળતર મેળવવા બાબત...**

---

**-:ઠરાવ:-**

**દાવાની હકીકત :-**

(૧). વાદીના દાવાના ટુંકમાં હકીકત એવી છે કે, ગામ હરુડી તા લખપત-કચ્છ ના રહવાસી છે અને ખેતી અને પશુપાલન નો ધંધો કરી પરવારનું ગુજરાન ચાલવે છે. પ્રતિવાદી વિધુત ઉત્તપન્ન કરવાનો અને વેચવાનો કામકાજ કરે છે. વાદી પાસે આશરે ચાલીસેક ભેંસો આવેલ છે. તેમની ભેંસો તેમના ભાઈ રવાભાઇ સાથે ચરવા મોકલે છે. તા. ૧૬/૧૦/૨૦૨૩ ના રોજ તેમની ભેંસો હરુડી થી એકાદ કી.મી. ઉત્તર બાજુએ બરંદા તું હરુડી તરફ જતાં રોડ ના ડાબા હાથ પર રસ્તા બાજુના સીમાડામાં ગંગાસર તળાવ પાસે ચરવા ગયેલ હતી. જે ભેંસો ત્યાથી પસાર થયેલ ત્યારે પ્રતિવાદી સંસ્થાના બરંદા થી ખારાઈ વાળી લાઇન ના જર્જરિત જૂના વીજ વાયર થાંભલા પર થી તુટીને ભેંસ પર પડતાં જેમાં વિધુત પ્રવાહ ચાલુ હતો તેના કારણે વાદીની ભેંસ ને કરંટ લાગતાં વાદીની ભેંસ ઉ.વ.૬ ભૂરા જેવા કાળા કલરની નામે દ્રાક્ષ પર વીજ વાયર પડતાં કરંટ લાગવાથી તે જે જગ્યાએ મરણ ગયેલ જેની જાણ વાદીએ ના. સરોવર પોલીસને કરતાં જેની નોધ પોલીસ સ્ટેશનમા થયેલી અને પોલીસે પંચનામું કરેલ તથા લાગતાં વળગતા વ્યક્તિઓના નિવેદન લીધેલા અને મરણ ગયેલ ભેંસ નું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ. વાદીની ભેંસ તદ્દન નીરોગી તંદુરસ્ત તેમજ ૬ વર્ષની યુવાન વયની અને ૧૫ દિવસ પહેલા વિયાયેલ અને સવાર સાંજ ૧૮ થી ૨૦ લિટર જેટલું દૂધ આપતી હતી જેની

બજાર કિંમત રૂ.૧,૨૦,૦૦૦/-(એક લાખ વીસ હજાર) સામાન્ય રીતે થાય છે જે ભેંસ પ્રતિવાદી સંસ્થાના જર્જરિત વાયરના કારણે તથા બેદરકારી ના કારણે થાંભલા પરથી વીજ વાયર  નીચે પડેલ હોય જેનું વીજ પ્રવાહ ચાલુ હોય ભેંસ મરણ ગયેલ જેથી વાદીએ પાચેક માસ પહેલા પી.જી.વી.સી.એલ. કચેરી દયાપર ખાતે સંપર્ક કરેલ ત્યારે જવાબદાર અધિકારી દ્વારા રૂ. ૧,૨૦,૦૦૦/- પૂરા ત્રણ હપ્તા માં ચૂકવી આપવાનું જણાવેલ અને રૂ . ૧૫૦૦૦/- તા.૦૮/૧૨/૨૩ ના રોજ ચૂકવી આપેલ અને બાકીની રકમ ચૂકવી આપવા પ્રતિવાદી સંસ્થા નો સંપર્ક કરતાં પ્રતિવાદી સંસ્થા દ્વારા દાદ આપેલ નહિ. જેથી વાદીએ મરણ ગયેલ ભેંસ ની નુકશાની વળતળ માટે પ્રતિવાદી સંસ્થાને વકીલશ્રી મારફતે તા.૩૮/૦૩/૨૪ ના રોજ નોટિસ પાઠવેલ તેમ છતાં પ્રતિવાદી સંસ્થાએ વાદીને ભેંસ ની નુકશાની વળતળ ની રકમ ચૂકવી આપેલ નહી. જેથી વાદીને પ્રતિવાદી સંસ્થા વિરુદ્ધ હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે.

<u>પ્રતિવાદીનો દાવા જવાબ</u>:-

(૨). આ કામે પ્રતિવાદી વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર થયી આંક-૧૦ થી વાદીની દાવા અરજી નો જવાબ રજૂ કરી દાવા જવાબમાં તેમની વિરુદ્ધ હકીકતોનો ઇન્કાર કરી ખરી હકીકતમાં જણાવે છે કે તા. ૧૬/૧૦/૨૩ ના રોજ કચ્છ જિલ્લાના લખપત તાલુકાનાં હરંડી સિમ

વિસ્તાર મુકામે આશરે ૪/30 કલાકે એક ભેસ હરુડી ગામના સિમ વિસ્તારમાં થી પસાર થયી રહી હતી તેવામાં ત્યાથી પસાર થતી પી.જી.વી.સી.એલ. લી. વીજ કંપની ની ૧૧ કે.વી. હરુડી જે.જી.વાય ફીડર ના પોલ લોકેશન નં.3/૧૦/૧૫ ની વચ્ચે વીજ કંડક્ટર આકસ્મિક રીતે તુટીને જમીન પર પડેલ હતો. દરમ્યાન એક ભેંસ ત્યાથી પસાર થવા જતાં જીવંત વીજ કરંટ ના સંપર્ક માં આવી જતાં વીજ શોક લાગતાં અકસ્માત બનાવ બનવા પામેલ હતો. તે વખતે ભેંસ સાથે અન્ય કોઈ વ્યક્તિ હતો નહી. ભેંસ બનાવ વાળી જગ્યાએ પહોચેલ તે પહેલા જીંવત વાયર તૂટી ગયેલ હતો અને બનાવવાળી જગ્યાએ વાયર જર્જરિત ન હતો. વાદીની ભેંસ રૂ.૧,૨૦,000/- ની હતી તેમજ ૧ દિવસમાં સવાર સાંજ ૧૮ થી ૨૦ દિવસનું દૂધ આપતી હતી અને તંદુરસ્ત અને નીરોગી જુવાન વયની અને ૧૫ દિવસ પહેલા વિયાયેલ વાળી હકીકતો ખરી નથી. ભેંસનું મરણ પ્રતિવાદી ની કોઈપણ બેદરકારી તેમજ ગફલતભરી કાર્યવાહી ના કારણે થયેલ નથી. સદરહુ ભેંસ તેમના માલિકની બેદરકારી ના કારણે વાદવાળી જગ્યાએ એકલી ફરતી હતી અને તૂટેલા વીજ વાયરના સંપર્કમાં આવવાથી બનાવ બનેલ. બનાવ ના દિવસે ૬૬ કે.વી.બરંદા લાઇન માથી નીકળતું ૧૧ કે.વી.નો ૧ વીજ તાર પીન ફોલ્ટ ના કારણે તૂટી પડતાં જમીન પર પડેલ અને ત્યાથી પસાર થતી ભેંસ સદરહુ તારના સંપર્કમાં આવવાના

કારણે બનાવ બનેલ છે અને આ બાબતે રોજકામ કરવામાં આવેલ છે. પ્રતિવાદી જવાબદાર સંસ્થા છે અને તેમણે નિયમ મુજબ વાદીને કંપની તરફથી વળતળ પેટેની રકમ પૈકી ૫૦% રકમ રૂ.૧૫,૦૦૦/- તા. ૦૮/૧૨/૨૩ ના રોજ ચેક નં.૭૭૬૪૯૬ થી ચૂકવી આપેલ. ત્યારબાદ બાકીની ૫૦% ની રકમનો ચેક તા.૧૨/૦૫/૨૪ ના રોજ રૂ.૧૫,૦૦૦/- નો ચેક નં ૭૮૮૨૮૬ વાળો વાદીને આપવા ગયેલ પરંતુ વાદીએ ચેક સ્વીકારવાની ના પાડેલ અને તે બાબતે સ્થળનું રોજકામ પણ કરવામાં આવેલ છે અને વાદીનો જવાબ પણ લેવામાં આવેલ છે. તેમજ તા.૦૫/૧૦/૨૩ ના રોજ વીજ લાઇન નું મેઇન્ટેનન્સ/ચેકિંગ કરવામાં આવેલ છે તેમજ સમયાંતરે વીજ વાયર ની ચેકિંગ કરવામાં આવેલ છે. પરંતુ પીન ફોલ્ટ ના કારણે વીજ તાર તૂટી ગયેલ હોવાથી પ્રતિવાદીની કોઈ બેદરકારી રહેલ નથી. આમ વાદીએ ખોટી હકીકતો જણાવી ભેંસની ખોટી કિંમત આંકી હાલનો ખોટો દાવો પ્રતિવાદી સંસ્થા વિરુદ્ધ કરેલ હોય વાદીનો દાવો ખર્ચસહ નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૪). દાવાના ન્યાયિક નિર્ણય સારું આંક-૧૨ થી નીચે મુજબના મુદ્દા પુરોગામી સાહેબશ્રી દ્વારા ઘડવામાં આવેલ છે.

<u>-મુદ્દા-</u>

(૧). શું વાદી પુરવાર કરે છે કે દાવા અરજીમાં જણાવ્યા મુજબ વાદીની ભેંસ પ્રતિવાદી સંસ્થાના ચાલુ જર્જરિત વીજ વાયર તૂટી પડવાના લીધે પ્રતિવાદી સંસ્થાની બેદરકારીના લીધે મરણ ગયેલ છે. ?

(૨). શું વાદી પુરવાર કરે છે કે, વાદીની ભેંસ પ્રતિવાદી સંસ્થાના ચાલુ જર્જરિત વીજ વાયર તૂટી પડવાના લીધે પ્રતિવાદી સંસ્થાની બેદરકારીના લીધે મરણ ગયેલ હોય વાદીને રૂ.૧,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પૂરા) નું નુકશાન થયેલ છે ?

(૩). શું પ્રતિવાદી સંસ્થા પુરવાર કરે છે કે વાદીની ભેંસ પિન ફોલ્ટ ના કારણે અકસ્માતે મરણ થયેલ છે અને કંપનીના નિયમ મુજબ ૫૦% રકમ રૂ.૧૫,૦૦૦/- વાદીને ચેક નં.૭૭૬૪૯૬ થી પ્રતિવાદી સંસ્થા દ્વારા ચૂકવવામાં આવેલ છે અને બાકીની ૫૦% રકમ રૂ.૧૫,૦૦૦/- સ્વીકારવાનો વાદીએ ઇનકાર કરેલ છે. ?

(૪). શું પ્રતિવાદી સંસ્થા પુરવાર કરે છે કે વાદીના દાવાને સમયમર્યાદા નો બાધ નડે છે ?

(૫). શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

(૬). શું હુકમ અને હુકમનામું ?

(૫). ઉપરોક્ત મુદ્દાના નિર્ણય કારણ સહિત નીચે મુજબ છે.

(૧). હકારમાં

(૨). અંશતઃ હકારમાં

(૩). અંશતઃ હકારમાં

(૪). નકારમાં

(૫). અંશતઃ હકારમાં

(૬). આખરી હુકમ મુજબ.

**વાદી તરફે પુરાવો** :-

(૬). વાદી તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| **વિગત** | **આંક** |
|---|---|

૧. વાદી શંકર ઉકા રબારીના પુરાવા નું સોગંદનામું ૧૭

૨. વાદી તરફે સાહેદ રાજેશ શંકર રબારી ના પુરાવા નું સોગંદનામું ૩૭

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| વિગત | આંક |
|---|---|
| ૧. સ્થળ રોજકામ ની નકલ | ૨૦ |
| ૨. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ ની નકલ | ૨૧ |
| ૩. પ્રતિવાદીને પાઠવેલ નોટિસ ની નકલ | ૨૨ |
| ૪. નોટિસ કર્યા અંગેની સ્લીપ | ૨૩ |
| ૫. એકનોલેજમેન્ટ રિસીપ્ટ | ૨૪ |
| ૬. પ્રતિવાદી એ આપેલ નોટિસ નો જવાબ | ૨૫ |
| ૭. વાદીના આધારકાર્ડ ની ઝેરોક્ષ | ૨૬ |
| ૮. ના સરોવર પો.સ્ટે. ૧૫૨૭/૨૫ વાળી માહિતી આપેલ ની યાદી | ૨૭ |
| ૯. સ્ટેશન ડાયરી ની ખરી નકલ | ૨૮ |
| ૧૦. પંચનામાં ની ખરી નકલ | ૨૯ |
| ૧૧.પોસ્ટ મોર્ટમ નોટ ની નકલ | ૩૦ |

(૭). ત્યારબાદ વાદી તર્ફે પુરાવો પૂરો થયા બાદ આંક-૩૮

ક્લોઝિંગ પુરસીસ રજૂ કરેલ છે.

**<u>પ્રતિવાદી તરફે પુરાવો</u>** :-

(૮). પ્રતિવાદી તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|
| ૧. પ્રતિવાદી વિપુલભાઈ રામાભાઈ ચાવડા ના પુરાવાનું સોગંદનામું | ૪૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|
| ૧. સ્થળ રોજકામ ની નકલ | ૩૨ |
| ૨. એનેક્ષર-૧ ની ખરી નકલ | ૩૩ |
| ૩. વાદીના જવાબ(નિવેદન) ની ખરી નકલ | ૩૪ |
| ૪. વાદીએ રૂ.૧૫૦૦૦/-ચેક થી સ્વીકારેલ તેનો અહેવાલ રિપોર્ટ | ૩૫ |
| ૫. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ના ચેક નં.૭૭૬૪૯૬ ની નકલ | ૩૬ |
| ૬. વિશેષ તપાસણી અહેવાલ ની નકલ | ૪૩ |
| ૭. પ્રતિવાદી વાદીને મોકલેલ નોટિસ ની નકલ | ૪૪ |

૮. સ્થળ રોજકામ ની ખરી નકલ ૪૫

૯. ચેક લિસ્ટ ની ખરી નકલ ૪૬

(૯). ત્યારબાદ પ્રતિવાદી તર્ફે આંક-૪૭ થી પુરાવા બંધ ની ક્લોઝિંગ પુરસીસ રજૂ કરેલ છે.

(૧૦). ત્યારબાદ વાદી તર્ફે વિ.વ.શ્રી. તેમજ પ્રતિવાદીના વિ.વકીલશ્રી ની દલીલ સાંભળી. પ્રતિવાદી તરફે આંક-૪૮ થી લેખિત દલીલ રજૂ કરવામાં આવેલ છે.

<u>**વાદી તરફે દલીલ-**</u> વાદીના વિ.વકીલશ્રી એ દાવા ના સમર્થનમાં દલીલ કરેલ છે કે વાદી ગામ હરુડી તા લખપત-કચ્છ ના રહવાસી છે અને ખેતી અને પશુપાલન નો ધંધો કરી પરવારનું ગુજરાન ચાલવે છે. પ્રતિવાદી વિધુત ઉત્તપન્ન કરવાનો અને વેચવાનો કામકાજ કરે છે. વાદી પાસે આશરે ચાલીસેક ભેંસો આવેલ છે. તેમની ભેંસો તેમના ભાઈ રવાભાઇ સાથે ચરવા મોકલે છે. તા. ૧૬/૧૦/૨૦૨૩ ના રોજ તેમની ભેંસો હરુડી થી એકાદ કી.મી. ઉત્તર બાજુએ બરંદા તું હરૂડી તરફ જતાં રોડ ના ડાબા હાથ પર રસ્તા બાજુના સીમાડામાં ગંગાસર તળાવ પાસે ચરવા ગયેલ હતી. જે ભેંસો ત્યાથી પસાર થયેલ ત્યારે પ્રતિવાદી સંસ્થાના બરંદા થી ખારાઈ વાળી લાઇન ના જર્જરિત જૂના વીજ વાયર થાંભલા પર થી તુટીને ભેંસ

પર પડતાં જેમાં વિધુત પ્રવાહ ચાલુ હતો તેના કારણે વાદીની ભેંસ ને કરંટ લાગતાં વાદીની ભેંસ ઉ.વ.૬ ભૂરા જેવા કાળા કલરની નામે દ્રાક્ષ પર વીજ વાયર પડતાં કરંટ લાગવાથી તે જે જગ્યાએ મરણ ગયેલ જેની જાણ વાદીએ ના. સરોવર પોલીસને કરતાં જેની નોધ પોલીસ સ્ટેશનમા થયેલી અને પોલીસે પંચનામું કરેલ તથા લાગતાં વળગતા વ્યક્તિઓના નિવેદન લીધેલા અને મરણ ગયેલ ભેંસ નું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ. વાદીની ભેંસ તદ્દન નીરોગી તંદુરસ્ત તેમજ ૬ વર્ષની યુવાન વયની અને ૧૫ દિવસ પહેલા વિયાયેલ અને સવાર સાંજ ૧૮ થી ૨૦ લિટર જેટલું દૂધ આપતી હતી જેની બજાર કિંમત રૂ.૧,૨૦,૦૦૦/-(એક લાખ વીસ હજાર) સામાન્ય રીતે થાય છે જે ભેંસ પ્રતિવાદી સંસ્થાના જર્જરિત વાયરના કારણે તથા બેદરકારી ના કારણે થાંભલા પરથી વીજ વાયર નીચે પડેલ હોય જેનું વીજ પ્રવાહ ચાલુ હોય ભેંસ મરણ ગયેલ જેથી વાદીએ પાચેક માસ પહેલા પી.જી.વી.સી.એલ. કચેરી દયાપર ખાતે સંપર્ક કરેલ ત્યારે જવાબદાર અધિકારી દ્વારા રૂ. ૧,૨૦,૦૦૦/- પૂરા ત્રણ હપ્તા માં ચૂકવી આપવાનું જણાવેલ અને રૂ .૧૫૦૦૦/- તા.૦૮/૧૨/૨૩ ના રોજ ચૂકવી આપેલ અને બાકીની રકમ ચૂકવી આપવા પ્રતિવાદી સંસ્થા નો સંપર્ક કરતાં પ્રતિવાદી સંસ્થા દ્વારા દાદ આપેલ નહિ. જેથી વાદીએ મરણ ગયેલ ભેંસ ની નુકશાની વળતળ માટે પ્રતિવાદી સંસ્થાને વકીલશ્રી મારફતે

તા.૩૮/03/૨૪ ના રોજ નોટિસ પાઠવેલ તેમ છતાં પ્રતિવાદી સંસ્થાએ વાદીને ભેંસ ની નુકશાની વળતળ ની રકમ ચૂકવી આપેલ નહી. જેથી વાદીનો દાવો મંજૂર કરી માગ્યા મુજબની દાદ આપવા દલીલ કરેલ છે.

<u>**પ્રતિવાદી તરફે દલીલ-**</u> પ્રતિવાદીના વિ.વકીલશ્રી એ તેમના દાવા જવાબના સમર્થનમા દલીલ કરેલ છે કે તા. ૧૬/૧૦/૨૩ ના રોજ કચ્છ જિલ્લાના લખપત તાલુકાનાં હરંડી સિમ વિસ્તાર મુકામે આશરે ૪/૩૦ કલાકે એક ભેસ હરુડી ગામના સિમ વિસ્તારમાં થી પસાર થયી રહી હતી તેવામાં ત્યાથી પસાર થતી પી.જી.વી.સી.એલ. લી. વીજ કંપની ની ૧૧ કે.વી. હરુડી જે.જી.વાય ફીડર ના પોલ લોકેશન નં.૩/૧૦/૧૫ ની વચ્ચે વીજ કંડક્ટર આકસ્મિક રીતે તુટીને જમીન પર પડેલ હતો. દરમ્યાન એક ભેંસ ત્યાથી પસાર થવા જતાં જીવંત વીજ કરંટ ના સંપર્ક માં આવી જતાં વીજ શોક લાગતાં અકસ્માત બનાવ બનવા પામેલ હતો. તે વખતે ભેંસ સાથે અન્ય કોઈ વ્યક્તિ હતો નહી. ભેંસ બનાવ વાળી જગ્યાએ પહોચેલ તે પહેલા જીંવત વાયર તૂટી ગયેલ હતો અને બનાવવાળી જગ્યાએ વાયર જર્જરિત ન હતો. વાદીની ભેંસ રૂ.૧,૨૦,૦૦૦/- ની હતી તેમજ ૧ દિવસમાં સવાર સાંજ ૧૮ થી ૨૦ દિવસનું દૂધ આપતી હતી અને તંદુરસ્ત અને નીરોગી જુવાન વયની અને ૧૫ દિવસ પહેલા વિયાયેલ વાળી હકીકતો ખરી નથી. ભેંસનું મરણ પ્રતિવાદી ની કોઈપણ બેદરકારી તેમજ

ગફલતભરી કાર્યવાહી ના કારણે થયેલ નથી. સદરહુ ભેંસ તેમના માલિકની બેદરકારી ના કારણે વાદવાળી જગ્યાએ એકલી ફરતી હતી અને તૂટેલા વીજ વાયરના સંપર્કમાં આવવાથી બનાવ બનેલ. બનાવ ના દિવસે ૬૬ કે.વી.બરંદા લાઇન માથી નીકળતું ૧૧ કે.વી.નો ૧ વીજ તાર પીન ફોલ્ટ ના કારણે તૂટી પડતાં જમીન પર પડેલ અને ત્યાથી પસાર થતી ભેંસ સદરહુ તારના સંપર્કમાં આવવાના કારણે બનાવ બનેલ છે અને આ બાબતે રોજકામ કરવામાં આવેલ છે. પ્રતિવાદી જવાબદાર સંસ્થા છે અને તેમણે નિયમ મુજબ વાદીને કંપની તરફથી વળતળ પેટેની રકમ પૈકી ૫૦% રકમ રૂ.૧૫,૦૦૦/- તા. ૦૮/૧૨/૨૩ ના રોજ ચેક નં.૭૭૬૪૯૬ થી ચૂકવી આપેલ. ત્યારબાદ બાકીની ૫૦% ની રકમનો ચેક તા.૧૨/૦૫/૨૪ ના રોજ રૂ.૧૫,૦૦૦/- નો ચેક નં ૭૮૮૨૮૬ વાળો વાદીને આપવા ગયેલ પરંતુ વાદીએ ચેક સ્વીકારવાની ના પાડેલ અને તે બાબતે સ્થળનું રોજકામ પણ કરવામાં આવેલ છે અને વાદીનો જવાબ પણ લેવામાં આવેલ છે. તેમજ તા.૦૫/૧૦/૨૩ ના રોજ વીજ લાઇન નું મેઇન્ટેનન્સ/ચેકિંગ કરવામાં આવેલ છે તેમજ સમયાંતરે વીજ વાયર ની ચેકિંગ કરવામાં આવેલ છે. પરંતુ પીન ફોલ્ટ ના કારણે વીજ તાર તૂટી ગયેલ હોવાથી પ્રતિવાદીની કોઈ બેદરકારી રહેલ નથી. આમ વાદીએ ખોટી હકીકતો જણાવી ભેંસની ખોટી કિંમત આંકી હાલનો ખોટો દાવો પ્રતિવાદી સંસ્થા વિરુદ્ધ કરેલ હોય

વાદીનો દાવો ખર્ચસહ નામંજૂર કરવા દલીલ કરેલ છે

**--કારણો--**

**<u>પુરાવાનું મૂલ્યાંકન :-</u>**

**<u>મુદ્દા નંબર ૧ અને ૨</u>**

(૧૧). વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વીજ કંપની વિરુદ્ધ વાદીની ભેંસ પ્રતિવાદી કંપની વીજ વાયર તૂટી પડતાં વાદીની ભેંસ ને કરંટ લાગતાં વાદીની ભેંસ મરણ જતાં નુકશાની વળતળ મેળવવા કરેલ છે. જ્યારે કોઈપણ વ્યક્તિ કે સંસ્થા અમુક કાર્ય અને જરૂરી કાળજી રાખવા માટે કાયદેસર રીતે બંધાયેલ હોય છતાં કાળજીના અભાવે અને બેદરકારી થી કોઈ અનિચ્છનિય બનાવ બને ત્યારે તે વ્યક્તિ કે સંસ્થા જરૂરી કાળજીના અભાવે થયેલ નુકશાન માટે નુકશાની વળતળ ચૂકવવા જવાબદાર છે તે નુકશાની વળતળ ના દાવા નો પ્રસ્થાપિત સિદ્ધાંત છે. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે વાદીની ભેંસ તા. ૧૬/૧૦/૨૦૨૩ ના રોજ તેમની ભેંસો હરુડી થી એકાદ કી.મી. ઉત્તર બાજુએ બરંદા તું હરૂડી તરફ જતાં રોડ ના ડાબા હાથ પર રસ્તા બાજુના સીમાડામાં ગંગાસર તળાવ પાસે ચરવા ગયેલ હતી. જે ભેંસો ત્યાથી પસાર થયેલ ત્યારે પ્રતિવાદી સંસ્થાના બરંદા થી ખારાઈ વાળી લાઇન ના જર્જરિત જૂના વીજ વાયર થાંભલા પર થી તુટીને ભેંસ પર પડતાં જેમાં વિધુત પ્રવાહ ચાલુ હતો તેના

કારણે વાદીની ભેંસ ને કરંટ લાગતાં વાદીની ભેંસ ઉ.વ.૬ ભૂરા જેવા કાળા કલરની નામે દ્રાક્ષ પર વીજ વાયર પડતાં કરંટ લાગવાથી તે જે જગ્યાએ મરણ ગયેલ જેની જાણ વાદીએ ના. સરોવર પોલીસને કરતાં જેની નોધ પોલીસ સ્ટેશનમા થયેલી અને પોલીસે પંચનામું કરેલ તથા લાગતાં વળગતા વ્યક્તિઓના નિવેદન લીધેલા અને મરણ ગયેલ ભેંસ નું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ. અને પ્રતિવાદી સંસ્થા દ્વારા વાદીને નુકશાની વળતળ ની યોગ્ય રકમ ના મળતા વાડીએ પ્રતિવાદી સંસ્થા વિરુદ્ધ નુકશાની વળતળ મેળવવા હાલનો દાવો કરેલ છે. વાદીએ તેમના દાવાના સમર્થનમાં આંક-૧૭ થી વાદી શંકર ઉકા રબારીના તથા આંક-૩૭ થી સાહેદ રાજેશ શંકર રબારી ના પુરાવા નું પુરાવા નું સોગંદનામું સોગંદનામું રજૂ કરી વાદીની દાવા અરજીને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વાદી તરફે આંક-૨૧ થી  પોસ્ટ મોર્ટમ રિપોર્ટ ની  નકલ રજૂ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવે તો  પોસ્ટ  મોર્ટમ  રિપોર્ટ માં સંભવિત રીતે વીજ કરંટ લાગવાથી ભેંસ મરણ ગયાનું કારણ દર્શાવેલ છે. વાદી તરફે આ કામે રજૂ આંક- ૨૦ વાળા સ્થળ રોજકામ  ને ધ્યાને લેવામાં આવે તો સદરહુ આંક-૨૦ વાળા સ્થળ રોજકામ માં સ્પષ્ટ  જણાવેલ છે કે બનાવ વાળા સ્થળે પ્રતિવાદી સંસ્થાનો વીજ વાયર  તૂટી ને પડેલ હતો અને ત્યાં ભેંસ મરણ ગયેલ હાલતમાં પડેલી જોવા મળેલ.  આમ વાદી તરફે રેકર્ડ પર

રજૂ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો વાદીની ભેંસ પ્રતિવાદી સંસ્થાના વીજ વાયરના કરંટ લાગતાં મરણ ગયાનું પ્રથમ દર્શનીય ફલિત થાય છે. પ્રતિવાદીનું વાદીના દાવા સામે મુખ્ય કથન એવું છે કે વાદીની ભેંસ પિન ફોલ્ટ ના લીધે તૂટી પડેલ વાયર પરથી વાદીની ભેંસ પસાર થતાં અકસ્માતે વીજ કરંટ લાગતાં મરણ ગયેલ છે અને પ્રતિવાદીની બેદરકારીના લીધે મરણ ગયેલ નથી. પ્રતિવાદી સંસ્થાએ આંક-૪૦ થી પ્રતિવાદી સંસ્થાના સત્તાધિકૃત વ્યક્તિ વિપુલભાઈ રામાભાઈ ચાવડા ના પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે અને તેઓએ દાવા જવાબ ની હકીકત ને સમર્થન કરતો પુરાવો આપી તેમના પુરાવામાં જણાવેલ છે કે વાદીની ભેંસ પિન ફોલ્ટ ના લીધે તૂટી પડેલ વાયર પરથી વાદીની ભેંસ પસાર થતાં અકસ્માતે વીજ કરંટ લાગતાં મરણ ગયેલ છે અને પ્રતિવાદીની બેદરકારીના લીધે મરણ ગયેલ નથી. આ તબક્કે એ નોધવું અનિવાર્ય છે કે પ્રતિવાદી સંસ્થા તેમના દાવા જવાબમાં તેમજ પ્રતિવાદી સંસ્થાના સત્તાધિકૃત વ્યક્તિ વિપુલભાઈ રામાભાઈ ચાવડા ના આંક-૪૦ વાળા પુરાવાનું સોગંદનામાં માં સ્વીકાર કરે છે કે પ્રતિવાદી સંસ્થાનો વીજ વાયર તૂટી પડતાં વાદીની ભેંસ પ્રતિવાદી સંસ્થાના તૂટી ગયેલ વીજ વાયર પર થી પસાર થતાં વીજ કરંટ લાગતાં મરણ ગયેલ છે તેવા સંજોગોમાં પ્રતિવાદી સંસ્થાનો વીજ વાયર તૂટી ગયેલ હોવાની હકીકત

(Res Ipsa Loquitur) “Things speaks for Itself" ના સિદ્ધાંત મુજબ સ્વયં પ્રતિવાદી સંસ્થાની કાળજી અને મેઇનટેનન્સ નો અભાવ સૂચવે છે. વાદીએ મરણ ગયેલ ભેંસ ની કિંમત રૂ.૧,૨૦,૦૦૦/- આંકી પ્રતિવાદી સંસ્થા એ વાદીને ભેંસ ની મરણ ગયાની નુકશાની વળતળ પેટે ચૂકવેલ રૂપિયા ૧૫,૦૦૦/- બાદ કર્યા બાદ રૂ. ૧,૦૫,૦૦૦/- ની નુકશાની વળતળ ની રકમ ની માંગણી કરેલ છે. વાદી તેમના દાવામાં જણાવે છે કે તેમની ભેંસ સવાર સાંજ ૧૮ થી ૨૦ લિટર જેટલું દૂધ આપતી હતી પરંતુ વાદીએ સદરહુ હકીકત પુરવાર કરવા ડેરીમાં દૂધ ભરાવતા હોય કે અન્ય દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. આમ વાદીની ભેંસ સવાર સાંજ ૧૮ થી ૨૦ લિટર જેટલું દૂધ આપતી હોવાની હકીકત સ્પષ્ટ રીતે પુરવાર થતી નથી. વાદીએ તેમની ભેંસ ની કિંમત રૂ.૧,૨૦,૦૦૦/- જેટલી આંકેલ છે પરંતુ વાદી દ્વારા મરણ ગયેલ ભેંસ ની કિંમત રૂ.૧,૨૦,૦૦૦/- જેટલી થતી હોવા બાબતે કોઈ સરપંચશ્રી નો દાખલો કે અધિકૃત સંસ્થાનું પ્રમાણપત્ર કે અન્ય સબળ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં વાદીની મરણ ગયેલ ભેંસ ની બજાર કિંમત રૂ. ૧,૨૦,૦૦૦/- થતી હોવાની હકીકત સ્પષ્ટ પુરાવા અભાવે ચોક્કસપણે માની શકાય તેમ ના હોય ભેંસ ની ભેંસ કિંમત સામાન્ય બજાર કિંમત મુજબ આંકવાની રહે છે. આ કામે વાદી તરફે રેકર્ડ પર રજૂ કરેલ આંક-૨૧ ના પોસ્ટ મોર્ટમ રિપોર્ટ ની નકલ

વંચાણે લેવામાં આવે તો મરણ ગયેલ ભેંસ ની ઉંમર આશરે ૬ વર્ષ અને "બની" જાતિની હોવાનું ફલિત થાય છે. આમ વાદી દ્વારા જ્યારે ભેંસ ની કિંમત બાબતે અને દૂધ આપતી હોવા બાબતે કોઈ સ્પષ્ટ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં મરણ ગયેલ ભેંસ ની કિંમત સામાન્ય બજાર કિંમત મુજબ ૭૦,૦૦૦/- મુજબ આંકવામાં આવે છે અને વાદી તરફે રજૂ સમગ્ર પુરાવો ધ્યાને લઈ મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં અને મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર ૩ અને ૪.**

પ્રતિવાદીનું દાવા જવાબમાં કથન છે કે બનાવ ના દિવસે પ્રતિવાદી સંસ્થાનો ૬૬ કે.વી.બરંદા લાઇન માથી નીકળતું ૧૧ કે.વી.નો ૧ વીજ તાર પીન ફોલ્ટ ના કારણે તૂટી પડતાં જમીન પર પડેલ અને ત્યાથી પસાર થતી ભેંસ સદરહુ તારના સંપર્કમાં આવવાના કારણે બનાવ બનેલ છે અને આ બાબતે રોજકામ કરવામાં આવેલ છે. પ્રતિવાદી જવાબદાર સંસ્થા છે અને તેમણે નિયમ મુજબ વાદીને કંપની તરફથી વળતળ પેટેની રકમ પૈકી ૫૦% રકમ રૂ.૧૫,૦૦૦/- તા. ૦૮/૧૨/૨૩ ના રોજ ચેક નં.૭૭૬૪૯૬ થી ચૂકવી આપેલ. ત્યારબાદ બાકીની ૫૦% ની રકમનો ચેક તા.૧૨/૦૫/૨૪ ના રોજ રૂ.૧૫,૦૦૦/- નો ચેક નં ૭૮૮૨૮૬ વાળો વાદીને આપવા ગયેલ પરંતુ વાદીએ ચેક સ્વીકારવાની ના પાડેલ અને તે

બાબતે સ્થળનું રોજકામ પણ કરવામાં આવેલ છે અને વાદીનો જવાબ પણ લેવામાં આવેલ છે. પ્રતિવાદી દ્વારા કામે આંક-૩૪ થી વાદીના જવાબ(નિવેદન) ની ખરી નકલ, આંક-૩૫ થી વાદીએ રૂ.૧૫૦૦૦/-ચેક થી સ્વીકારેલ તેનો અહેવાલ રિપોર્ટ તથા આંક-૩૬ થી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ના ચેક નં.૭૭૬૪૯૬ ની નકલ રજૂ કરવામાં આવેલ છે જે ઉપરોક્ત તમામ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદી સંસ્થાએ વાદીને મરણ ગયેલ ભેંસ ની નુકશાની વળતળ પેટે રૂ.૧૫૦૦૦/- નો ચેક આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ પ્રતિવાદી સંસ્થા દ્વારા રેકર્ડ પર અકસ્માત નુકશાની વળતળ ના કિસ્સામાં કેટલા ટકા નુકશાની વળતળ ની રકમ પ્રતિવાદી સંસ્થાના ની નિયમ મુજબ ચૂકવવામાં આવેલ છે તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ પ્રતિવાદી સંસ્થા દ્વારા વાદીને ભેંસના મરણ ગયા બાબતે ચેક થી ચૂકવેલ રૂ.૧૫,૦૦૦/- પ્રતિવાદી સંસ્થાના નિર્ધારિત નીતિનિયમ મુજબ ૫૦% ની રકમ છે તે બાબતે પ્રતિવાદી સંસ્થા દ્વારા કોઈ સ્પષ્ટ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી જેથી મુદ્દા નં.૩ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે. વાદીએ તેમના દાવા જવાબમાં દાવાના કારણમાં જણાવેલ છે કે તારીખ ૧૬/૧૦/૨૩ ના રોજ વાદીની ભેંસ ચરવા સીમાડા માં થી પસાર થતી હતી ત્યારે પ્રતિવાદી સંસ્થાના તુટી ગયેલ વીજ

વાયરથી કરંટ લાગતાં વાદીની ભેંસ મરણ ગયેલ અને તે બાબતે વાદીએ પ્રતિવાદી સંસ્થાને તારીખ ૨૮/03/૨૦૨૪ ના રોજ નોટિસ પાઠવેલ અને ત્યારથી દાવાનું કારણ ઉત્તપન્ન થયેલ છે. આમ વાદીએ તેમના દાવામાં દવાનું કારણ તારીખ ૨૮/03/૨૦૨૪ ના રોજ ઉત્તપન્ન થયેલાનું જણાવેલ છે અને વાદી દ્વારા હાલનો દાવો તારીખ દાખલ કરવામાં આવેલ છે. આમ વાદી દ્વારા હાલનો દાવો લિમિટેશન  એક્ટ ની જોગવાઈ અનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં દાખલ કરેલાનું પ્રથમ દર્શનીય ફલિત થાય છે અને પ્રતિવાદી તરફે ઉપરોક્ત હકીકત નું  ખંડન કરવા કરવા કોઈ વિરુદ્ધ નો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી જેથી  મુદ્દા નં. ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર ૫ અને ૬.**

વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વીજ કંપની વિરુદ્ધ વાદીની ભેંસ પ્રતિવાદી કંપની વીજ વાયર તૂટી પડતાં વાદીની ભેંસ ને કરંટ  લાગતાં વાદીની ભેંસ મરણ જતાં નુકશાની વળતળ મેળવવા કરેલ છે. વાદીએ તેમની ભેંસ ની કિંમત  રૂ.૧,૨૦,૦૦૦/- જેટલી આંકેલ છે પરંતુ વાદી દ્વારા મરણ ગયેલ ભેંસ ની કિંમત રૂ.૧,૨૦,૦૦૦/- જેટલી થતી હોવા બાબતે કોઈ સરપંચશ્રી નો દાખલો કે અધિકૃત સંસ્થાનું પ્રમાણપત્ર કે અન્ય સબળ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં વાદીની મરણ

ગયેલ ભેંસ ની બજાર કિંમત રૂ. ૧,૨૦,૦૦૦/- થતી હોવાની હકીકત સ્પષ્ટ પુરાવા અભાવે ચોક્કસપણે માની શકાય તેમ ના હોય હોય મુદ્દા નં.5 નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**---હુકમ---**

(૧). વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨). પ્રતિવાદી સંસ્થાએ વાદીને રૂ.૭૦,૦૦૦/-(અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા) મરણ ગયેલ ભેંસ ની નુકશાની વળતળ ની રકમ પેટે દાવા તારીખ થી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ સાથે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(3). દાવાનો ખર્ચ પક્ષકારો એ જાતે ભોગવવાનો રહેશે.

(૪). હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૦૮-મે - સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. દયાપર. (જીગર દિલીપભાઇ ત્રિવેદી)
પ્રિન્સિપાલ સિવિલ જજ, દયાપર.
તારીખ- ૦૮/૦૫/૨૦૨૬ કોડનંબર-જી.જે-૦૧૦૬૩.